ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢનો પત્ર ક્રમાંક ૧૨૭/૨૦૨૪, તા.૦૮/૦૮/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે પ્રતિ વર્ષની જેમ ચાલું વર્ષે પણ આગામી તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ "અખિલ હિંદ અંધ ધ્વજ દિન" ની ઉજવણી સમગ્ર ભારત દેશની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ દ્વારા કરવામાં આવનાર હોય પ્રજ્ઞાચક્ષુઓનાં કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમાજનાં તમામ વર્ગનો ફાળો ખૂબ જ આવશ્યક હોય, આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવન દ્વારા ભંડોળ એકત્રીત કરી "રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ" ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ, મનીઓર્ડર, નેટ બેંકિંગ, ઓનલાઇન (સંદર્ભ પત્રમાં વિગત દર્શાવેલ છે) અથવા રૂબરૂ નીચેના સરનામે મોકલી આપી આર્થિક સહાય કરવા અનુરોધ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢ,
જૂનાગઢ-વંથલી હાઇવે, વાડલા ફાટકથી આગળ,
પોસ્ટ બોક્સ-૮, શાપુર(સોરઠ)- ૩૬૨ ૨૦૫,
તા. વંથલી, જિલ્લો જૂનાગઢ,
મો.નં. ૯૫૧૨૮ ૨૧૨૧૨, ૯૪૨૬૪ ૪૩૦૫૧.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્ર ની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૬૪/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૮/૦૮/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ-૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

ઓફીસ : મો. ૯૫૧૨૮ ૨૧૨૧૨
૯૪૨૬૪ ૪૩૦૫૧

# રાષ્ટ્રીય અંધજન મંડળ
## જિલ્લા શાખા - જૂનાગઢ

જૂનાગઢ – વંથલી હાઈવે, વાડલા ફાટકથી આગળ, (પોષ્ટ બોક્ષ – ૮),
શાપુર (સોરઠ) – ૩૬૨ ૨૦૫, તા. વંથલી, જિ. જૂનાગઢ.
E-mail : nab_jnd@rediffmail.com

SERVE THE BLIND
तमसो मा ज्योतिर्गमय

- પબ્લીક ટ્રસ્ટ રજી. નં. F-૧૬૯
- સોસાયટી રજી. નં. Guj-૧૯૪
- વિકલાંગ ધારો, ૧૯૯૫ અંતર્ગત
- સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય સાથે રજી. નં. ૧૯/૯૯
- એફ.સી.આર.એ. રજી. નં. ૦૪૨૦૩૦૦૧૨
- ઈન્કમટેક્ષ એક્ઝેમ્પશન અંડર ૮૦(જી)

ચિરાગભાઈ એ. પટેલ
પ્રમુખ

આશિષભાઈ જે. માંકડ (C.A.)
માનદ્ સામાન્ય મંત્રી

ધીરેન્દ્રભાઈ કે. શાહ
ઉપપ્રમુખ

**પ્રવૃત્તિઓ**

- શ્રી પુંજાભાઈ મહિદાસ ચાંગેલા પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધાશ્રમ
- અંધજન પુસ્તકાલય (વાંચન અને શ્રાવ્ય)
- વિકલાંગ બાળકો માટેની સંમિલિત શિક્ષણ યોજના
- સ્વ. ગલાલબેન મનજીભાઈ કડીવાર પ્રજ્ઞાચક્ષુ કન્યા છાત્રાલય
- પ્રજ્ઞાચક્ષુ કુમાર છાત્રાલય
- રોટરી કોમ્પ્યુટરાઈઝડ બ્રેઈલ પ્રોડક્શન સેન્ટર
- કોમ્પ્યુટર ટ્રેઈનીંગ સેન્ટર
- સંગીત વિદ્યાલય
- ઔદ્યોગિક તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર
- વિકલાંગોનું પુનર્વસન
- નેત્ર નિદાન કેમ્પ, અન્ય નિદાન કેમ્પ તેમજ જરૂરી ઓપરશન

:: સ્થાપના ::
૭ સપ્ટેમ્બર, ૧૯૮૦

રેફ. નં. ૧૨૭/૨૦૨૪ તા.

પ્રતિ, 08-08-2024

કુલપતિશ્રી,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિર્વસિટી,
જૂનાગઢ

**વિષય :–"અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી 14મી સપ્ટેમ્બર, 2024' નો પરિપત્ર કાઢી આપવા બાબત.**

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાને નમ્ર વિનંતિ સાથ જણાવવાનું કે,પ્રતિવર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ આગામી તા.14-09-2024 ના રોજ "અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી"સમગ્ર ભારત દેશની સાથે જૂનાગઢ જીલ્લામાં પણ રાષ્ટ્રીય અંધજન મંડળ–જીલ્લા શાખા જૂનાગઢ ધ્વારા થશે. પ્રજ્ઞાચક્ષુઓના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમાજના તમામ વર્ગનો ફાળો ખૂબ આવશ્યક છે.

દર વર્ષે આપની કચેરી ધ્વારા અંધજનો માટેના આ રાષ્ટ્રીય દિન ની ભવ્ય ઉજવણી અંગેના આયોજન અને આર્થિક સહાયની અપીલ કરતો પરિપત્ર યુનિ.ના તમાંમ વિભાગોમાં મોકલી આપવામાં આવે છે.

અગાઉના પરિપત્રની નકલ તથા ગુજરાત સરકારશ્રીના પરિપત્રની નકલ આ સાથે સામેલ છે, જેના આધારે ચાલુ સાલે પણ પરિપત્ર કાઢી આપવા વિનંતિ છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ, જીલ્લા શાખા જૂનાગઢની પ્રવૃતિની પત્રિકા આ સાથે સામેલ છે.

આભાર સહ......

આપનો વિશ્વાસુ,
માનદ્ મંત્રી
રાષ્ટ્રીય અંધજન મંડળ
જિલ્લા શાખા, જૂનાગઢ

REGISTRAR OFFICE
Inward No. 157
Dt. 13/8/24

FLAG DAY for THE BLIND
all INDIA
Mo. 95128 21212
THE NATIONAL ASSOCIATION FOR THE BLIND
DIST : BRANCH : JUNAGADH

AFFILIATION
Inward 1925
Dt. 14/8/24

VC OFFICE
Inward No. 234
Dt. 13/8/2024

5364
Date 12/8/24

રજીસ્ટ્રેશન નં. : F-169 • GUJ - 194, વિકલાંગ ધારો -1995 અંતર્ગત રજી. નં. 19/99 • આવક વેરા મુક્તિ - 80(G) હેઠળ

# રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા-જૂનાગઢ

(સરકાર માન્ય સંસ્થા)

ઓફિસ અને સંકુલ : જૂનાગઢ - વંથલી હાઈવે, વાડલા ફાટકથી આગળ, પોસ્ટ બોક્ષ - ૮,
શાપુર (સોરઠ) - ૩૬૨ ૨૦૫, તા. વંથલી, જી. જૂનાગઢ.

SERVE THE BLIND
तमसो मा ज्योतिर्गमय

ફોન : ૯૫૧૨૮૨૧૨૧૨, ૯૪૨૬૪ ૪૩૦૫૧ • E-mail : nab_jnd@rediffmail.com • PAN : AAATN1511H

## વિષય : ૧૪ સપ્ટેમ્બર - અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી બાબત

રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા - જૂનાગઢ અંધજનોની સેવા પ્રવૃત્તિઓ માટે સને ૧૯૮૦ થી સતત કાર્યરત છે.

આ સંસ્થાને ''અખિલ હિન્દ અંધ ધ્વજ દિન'' ની ઉજવણીનું કાર્ય સરકારશ્રી તરફથી સોપવામાં આવેલ છે. તે સંદર્ભે આ સાથે આપશ્રીને ધ્વજ, પત્રિકા વગેરે સાહિત્ય મોકલીએ છીએ. આપની શાળા, કોલેજ, કચેરી, પેઢી, કંપનીમાં તેની શાનદાર ઉજવણી કરી અંધજનો પ્રત્યે જનજાગૃતિ કેળવાય તે ઈચ્છનીય છે તેમજ આ પ્રસંગે મહત્તમ ફાળો એકત્ર કરી આ સંસ્થાને મદદરૂપ થવા વિનંતી છે.

### સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ

**(૧) સ્વ. પી. એમ. ચાંગેલા પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધાશ્રમ :**

- પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધો માટે પ્રવેશ નિઃશુલ્ક (નાત-જાતના ભેદભાવ વગર)
- જીવન જરૂરી તમામ સવલતો વિના મૂલ્યે. ઘરથી વિશેષ ઘર, પ્રેમ-આદરભાવની પ્રાપ્તિ.
- નિત્ય સત્સંગ સભા.
- યાત્રાધામોનો સમયાંતરે પ્રવાસ.

**(૨) અંધજન પુસ્તકાલય (વાંચન અને શ્રાવ્ય)**

- અંધજનો માટે અમૂલ્ય જ્ઞાનવર્ધક બ્રેઈલ પુસ્તકો, સી.ડી./ડી.વી.ડી. ની વિના મૂલ્યે પ્રાપ્તિ.
- પ્રજ્ઞાચક્ષુ સભ્યો વિના મૂલ્યે આ પુસ્તકાલયનો લાભ મેળવે છે.
- ધાર્મિક પુસ્તકો, નવલકથાઓ, વ્યાકરણ ગ્રંથો, કવિતાલક્ષી સાહિત્ય, શિક્ષણને લગતા પુસ્તકો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્ય.

**(૩) પ્રજ્ઞાચક્ષુ બાળકોને શિક્ષણ :**

- પ્રજ્ઞાચક્ષુ બાળકોને શિક્ષણ અને તાલીમ દ્વારા આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો.
- બ્રેઈલ પુસ્તકો તથા ઓડિયો સામગ્રીની વિના મૂલ્યે સેવા.
- પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે યોજવામાં આવતી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમત-ગમતલક્ષી પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક પ્રવાસ.

**(૪) પ્રજ્ઞાચક્ષુ કુમાર અને કન્યા છાત્રાલય :**

- વિના મૂલ્યે પ્રવેશ તેમજ જીવન જરૂરી સવલતો વિના મૂલ્યે દાતાઓના સહકારથી પુરી પાડવામાં આવે છે.
- બ્રેઈલ પુસ્તકો, ઓડીયો સામગ્રી તેમજ આવાસની સુવિધા.
- સંગીત, બ્રેઈલ તથા વિશિષ્ટ કૌશલ્યોના વિકાસ માટે તાલીમ અને શિક્ષણ

**(૫) નોકરી-ધંધો કરતા અંધ ભાઈઓ માટે રહેવા જમવાની વિના મૂલ્યે સુવિધા :**

- જૂનાગઢ અને આજુબાજુના વિસ્તારમાં નાના-મોટી નોકરી કે કામ-ધંધો કરતા અંધજનો માટે રહેવા-જમવાની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવે છે.

**(૬) સંગીત વિદ્યાલય :**

- પ્રારંભથી વિશારદ સુધીનું શાસ્ત્રીય સંગીતનું શિક્ષણ.

**(૭) ઔદ્યોગિક તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર :**

- દિવ્યાંગોને બુક બાઈન્ડીંગ, ફાઈલ, સુથારી કામ, નેતરકામ વગેરે તાલીમ આપવામાં આવે છે તથા ઉત્પાદન કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા સંસ્થાને ટેન્ડર મુક્તિ આપવામાં આવેલ છે.

**(૮) સ્પેશ્યલ ખેલમહાકુંભ :**

દર વર્ષે સરકારશ્રીના સહયોગથી અંધજનો અને બહેરા-મુંગા માટે જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલમહાકુંભનું આયોજન.

**દિવ્યાંગોને લગતી તમામ પ્રવૃત્તિઓથી ધમધમતું સૌરાષ્ટ્રનું ગરિમાપૂર્ણ સંસ્થાન**

## નમ્ર નિવેદન

- સહકાર આપતી તમામ શાળાઓ, માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ, કચેરીઓ તેમજ સંસ્થાઓના અમે ખૂબ જ આભારી છીએ. ખુબ ખુબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

- દર વર્ષે આ સંસ્થાની સેવા પ્રવૃત્તિઓના નિભાવ ખર્ચ પેટે આપના તરફથી અમુલ્ય સહયોગ મળે છે તે ખરેખર અભિનંદનીય છે. આ સંસ્થા માત્ર દાન-ધર્માદા પર જ ચાલે છે, તે આપ જાણો છો. અંધજનોના કલ્યાણરૂપી સેવા યજ્ઞમાં આપ સહયોગી બનો તેવી અમારી નમ્ર અપીલ છે.

## ખાસ નોંધ

- આપનો અમૂલ્ય ફાળો ''રાષ્ટ્રીય અંધજન મંડળ-જૂનાગઢ'' ના નામે ચેક, ડ્રાફ્ટ, મનીઓર્ડરથી, નેટ બેંકિંગ અથવા ઓનલાઈન અથવા રૂબરૂ રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ વંથલી હાઈવે, વાડલા ફાટકથી આગળ, જૂનાગઢ પહોંચાડવા વિનંતી.

- આપ અમારા બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ પણ નાણાં જમા કરી શકો છો.
  વિગત : **Bank of Baroda - College Road Branch, Junagadh.**
  બચત ખાતા **A/c No. 18660100003256, IFSC Code : BARB0COLJUN** (પાંચમો આંકડો શૂન્ય છે)

- **ઓનલાઈન નાણાં જમા કરાવનારે સંસ્થાને ફોન કરી જાણ કરવા વિનંતી, જેથી અમે આપને પહોંચ પાઠવી શકીએ.**

- સરકાર માન્ય સંસ્થા ''રાષ્ટ્રીય અંધજન મંડળ - જિલ્લા શાખા, જૂનાગઢ'' ને જ ''અખિલ હિન્દ અંધ ધ્વજ દિન'' નો ફાળો એકત્ર કરવાની સરકારી માન્યતા મળેલ છે.

- આ સંસ્થાને અપાયેલ દાન આવકવેરાની કલમ 80(G) હેઠળ કર રાહતને પાત્ર છે.

પ્રમુખ - ચિરાગભાઈ એ. પટેલ
માનદ્‌મંત્રી - આશિષભાઈ જે. માંકડ (C.A.)
ઉપપ્રમુખ - ધીરેન્દ્રભાઈ કે. શાહ

**❖ કાર્યાલય ❖**

**મો. ૯૪૨૬૪ ૪૩૦૫૧ / ૯૯૨૪૮ ૫૮૬૮૯**

## રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢ.

**આ સંસ્થામાં આપની મુલાકાત અમારા માટે પ્રેરણાદાયી બની રહેશે...**

Letter No: PRHRDD/0016/08/2023 Dt: 27-08-2023

૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ "અખિલ ભારતીય અંધજન ધ્વજદિન" ઉજવવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંક - PRHRDD/Mis/e-file/14/2023/3539/Section - J

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.

પરિપત્ર -

અંધત્વ નિવારણ તથા અંધજનોની પુન:વસવાટ ઝૂંબેશને વેગ આપવા અને સમાજના અંધજનો અન્ય જનોની માફક પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે તે હેતુથી દર વર્ષની માફક અંધજનો માટેના રાષ્ટ્રીય અંધજન મંડળ દ્વારા તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩નો દિવસ "અખિલ ભારતીય અંધજન ધ્વજદિન" તરીકે ઉજવવામાં આવનાર છે. અંધજનોની સેવાઓ સમાજના એક અંગની સેવા હોઇ, સમસ્ત જનતા આ ઝૂંબેશમાં સક્રિય ફાળો આપે તો હેતુ સિધ્ધ થયો ગણાય. આ બાબતને ધ્યાને લઇ આ કાર્યમાં અંધજનો માટે રાષ્ટ્રીય અંધજન મંડળને પૂરતો સહકાર મળે તે જરૂરી છે. તેથી, આ ઉદ્દેશ્યને અનુલક્ષીને જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતો દ્વારા જરૂરી કામગીરી કરવામાં આવે તે માટે જણાવવામાં આવે છે.

૨. "અખિલ ભારતીય અંધજન ધ્વજદિન"ની ઉજવણી અંગે કોઇપણ પંચાયતના અધિકારી/કર્મચારીએ ખરેખર પૈસાનો ફાળો એકત્ર કરવામાં ભાગ લેવો નહિ. પરંતુ, પોતાની ફરજમાં રૂકાવટ ન આવે તે રીતે પોસ્ટરો વગેરેની વહેંચણીમાં મદદ કરી સક્રિય સહકાર આપવો. આ બાબતે અન્ય કોઈ વિશેષ માહિતી કે સ્પષ્ટતાની જરૂર જણાય તો એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર, રાષ્ટ્રીય અંધજન મંડળ, અમદાવાદ અથવા તો આ સાથે જોડેલ સરનામાવાળી યાદીમાંની જિલ્લા / તાલુકા શાખાઓનો સંપર્ક સાધવો તથા જરૂરી કાર્યવાહી કરવી.

૩. આ કાર્યને સફળ બનાવવા તમામ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતો દ્વારા સાથ અને સહકાર આપવામાં આવે તે માટે જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પિયુષ રાજવંશી)

ઉપસચિવ (પંચાયત)

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

૨/ તાબા હેઠળની કચેરીઓને જરૂરી સૂચના પરિપત્રિત કરવા / જરૂરી કાર્યવાહી કરવા અર્થે. (નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઇન્ડ (NAB)ની જિલ્લા / તાલુકા શાખાઓની સરનામાવાળી યાદી આ સાથે સામેલ છે.)

Signature valid
Signed by: Piyush Rajvanshi
File No: PRHRDD/Mis/e-file/14/2023/3539/Section - J
Approved By: Shri Bhupendra patel sir(Chief Minister,Chief Minister,C
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૩) શ્રીમતી નીટીની રાવલ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, ગુજરાત રાજ્ય શાખા, જગદીશ પટેલ ચોક, ૧૩૨-ફૂટ રીંગ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ–૩૮૦૦૧૫.

<u>નકલ સવિનય જાણ અર્થે</u> -

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, પંચાયત ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી(પં.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

<u>એન.એ.બી.ની જિલ્લા શાખાઓના સરનામાની યાદી</u>

- એન.એ.બી. ગુજરાત સ્ટેટ બ્રાન્ચ, જગદીશ પટેલ ચોક, ગુરુદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ – ૩૮૦૦૧૫.
- એન.એ.બી. અમરેલી જિલ્લા શાખા, દત્ત મંદિર બાજુમાં, ચિત્તલ રોડ, જિ.અમરેલી – ૩૬૫૬૦૧
- એન.એ.બી. આણંદ જિલ્લા શાખા, પંચાયત હોસ્પિટલ સામે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર આણંદ- ૩૮૮૧૨૦
- એન.એ.બી. બનાસકાંઠા જિલ્લા શાખા, મમતા મંદિર, જહાનારા ગાર્ડન પાસે, બનાસ ડેરી રોડ, પાલનપુર – ૩૮૫૦૦૧

Signature valid
Signed by Piyush R. Raivanshi
Date: 2023.08.. 14:03:57